# ચાન્સેલર મર્ઝની યાત્રાથી ભારત-જર્મની સંબંધોને નવી દિશા

**વ્યૂહાત્મક** ભાગીદારીને વેગ મળશે : પીએમ મોદી

ગાંધીનગર : સ્વામી વિવેકાનંદ જયંતીના પ્રસંગે જર્મનીના ચાન્સલર ફ્રિડરિખ મર્ઝનું ભારત આગમન બંને દેશોના સંબંધોમાં ઐતિહાસિક ક્ષણ બની રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારત અને જર્મની વચ્ચે વિચાર, જ્ઞાન અને આત્માનો જે સેતુ સ્વામી વિવેકાનંદે રચ્યો હતો, તેને ચાન્સલર મર્ઝની આ મુલાકાત નવી ઊર્જા, વિશ્વાસ અને વ્યાપ આપી રહી છે.વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ચાન્સલર મર્ઝની આ ભારત અને સમગ્ર એશિયાની પ્રથમ યાત્રા છે, જે ભારત સાથેના સંબંધોને તેઓ કેટલું મહત્વ આપે છે તેનું સ્પષ્ટ પ્રમાણ છે. તેમણે વ્યક્તિગત રસ અને પ્રતિબદ્ધતા બદલ ચાન્સલર મર્ઝનો આભાર વ્યક્ત કર્યો હતો. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આજે ભારત તથા જર્મનીના પ્રતિનિધિ મંડળ વચ્ચે દ્વિપક્ષીય મંત્રણા થી હતી. તે પછી પીએમ મોદી અને જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝએ સંયુક્ત નિવેદન આપ્યુ હતું.વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ગયા વર્ષે ભારત-જર્મની વ્યૂહાત્મક ભાગીદારીને 25 વર્ષ પૂર્ણ થયા છે અને આ વર્ષે બંને દેશો રાજદ્વારી સંબંધોના 75 વર્ષ ઉજવી રહ્યા છે. આ માત્ર સમયગાળાના આંકડા નથી, પરંતુ પરસ્પર વિશ્વાસ, સંયુક્ત મહત્ત્વાકાંક્ષાઓ અને સતત મજબૂત થતા સહકારનું પ્રતીક છે.ભારત-જર્મની વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર હવે 50 અબજ ડોલરને પાર કરી ચૂક્યો છે. ભારત ખાતે 2,000થી વધુ જર્મન કંપનીઓની હાજરી ભારતની ક્ષમતાઓ પર જર્મનીના અડગ વિશ્વાસને દર્શાવે છે. આજે યોજાયેલા ભારત-જર્મની CEO ફોરમમાં આ સહયોગ જીવંત રીતે જોવા મળ્યો હતો.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે નવીનીકરણીય ઊર્જા બંને દેશોની સંયુક્ત પ્રાથમિકતા છે. આ ક્ષેત્રે સહકાર વધારવા માટે India-Germany Centre of Excellence સ્થાપવાનો નિર્ણય લેવાયો છે. ગ્રીન હાઇડ્રોજન ક્ષેત્રે શરૂ થનારા મેગા પ્રોજેક્ટને ભવિષ્યની ઊર્જા માટે 'ગેમ ચેન્જર' ગણાવવામાં આવ્યો હતો. સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રે વધતો સહયોગ બંને દેશોના પરસ્પર વિશ્વાસનું પ્રતિબિંબ છે. રક્ષણ વેપાર પ્રક્રિયાઓ સરળ બનાવવા બદલ વડાપ્રધાન મોદીએ ચાન્સલર મર્ઝનો આભાર માન્યો. સાથે જ co-development અને co-production માટે રોડમેપ પર કામ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

રવીન્દ્રનાથ ટાગોર, સ્વામી વિવેકાનંદ અને મેડમ કામાના ઐતિહાસિક યોગદાનને યાદ કરતાં વડાપ્રધાને જણાવ્યું કે ભારત-જર્મનીના people-to-people ties અત્યંત ગાઢ છે. Migration, mobility અને skilling પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. Global Skills Partnership હેઠળ healthcare professionalsની અવરજવર સરળ બનશે.Higher Education માટે તૈયાર કરાયેલા Comprehensive Roadmapથી શૈક્ષણિક સહયોગને નવી દિશા મળશે. વડાપ્રધાન મોદીએ જર્મન યુનિવર્સિટીઓને ભારતમાં કેમ્પસ શરૂ કરવા આમંત્રણ આપ્યું. રમતગમત ક્ષેત્રે સહયોગ યુવાઓને જોડવાનો અસરકારક માધ્યમ બનશે.

યુક્રેન, ગાઝા સહિતના વૈશ્વિક મુદ્દાઓ પર બંને દેશોએ વિગતવાર ચર્ચા કરી. આતંકવાદ સામે એકજૂટ લડત અને વૈશ્વિક સંસ્થાઓ, ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાની જરૂરિયાત પર સહમતિ વ્યક્ત કરવામાં આવી હતી.

વડાપ્રધાન મોદીએ અંતે જણાવ્યું કે ભારત અને જર્મનીની મિત્રતા માત્ર દ્વિપક્ષીય નથી, પરંતુ વૈશ્વિક સ્થિરતા અને વિકાસ માટે મહત્વપૂર્ણ છે. ચાન્સલર મર્ઝની આ યાત્રા ભારત-જર્મની ભાગીદારીને નવી ઊર્જા અને સ્પષ્ટ દિશા આપશે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ત્રિદિવસીય ગુજરાત પ્રવાસ સંપન્ન



અમદાવાદ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસને પૂરો કરી અમદાવાદ એરપોર્ટ ખાતેથી નવી દિલ્હી જવા રવાના થયા હતા. એરપોર્ટ પર વડાપ્રધાનને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત મહાનુભાવોએ ભાવસભર વિદાય આપી હતી.આ પ્રસંગે મુખ્ય સચિવ એમ.કે. દાસ, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, અમદાવાદનાં મેયર પ્રતિભાબહેન જૈન, એર માર્શલ તેજેન્દ્ર સિંઘ, અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્મા, રાજ્યના ઇન્ચાર્જ ડીજીપી કે. એલ એન. રાવ, અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક, ચીફ પ્રોટોકોલ ઓફિસર જલવંત ત્રિવેદી, અમદાવાદ જિલ્લા કલેક્ટર સુજીત કુમાર સહિતના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત મહાનુભાવોએ વડાપ્રધાનને વિદાય આપી હતી.

## અમદાવાદમાં મેટ્રો ટ્રેનના રૂટ કલરથી ઓળખી શકાશે

અમદાવાદ : અમદાવાદમાં મુસાફરો માટે મેટ્રો ટ્રેન સર્વિસની સુવિધા અને રૂટ સરળ થી ઓળખાઈ શકે તે માટે નવા કલર કોડ જાહેર કરવામાં આવ્યા છે. અમદાવાદમાં મેટ્રો નેટવર્ક દિવસે દિવસે વધી રહ્યું છે, ત્યારે મુસાફરોને મેટ્રો ના રૂટ સમજવામાં મૂંઝવણ ન થાય તે માટે બ્લુ, રેડ, યલો અને વાયોલેટ લાઈન દ્વારા મેટ્રો રૂટની સમજને સરળ બનાવવામાં આવી છે. અમદાવાદના મેટ્રો સ્ટેન્ડ ઉપર ડિસ્પ્લે અને સાઈન બોર્ડ ઉપર કલર કોડ હોવાથી મુસાફરોને દૂરથી જ તેના રૂટની સમજ પડશે, અને કયાં પ્લેટફોર્મ ઉપર જવું છે, એ ખુબ સરળ બનશે. શહેરના જુના હાઇકોર્ટ સ્ટેશન ઉપર જ્યાં બે લાઈન ભેગી થાય છે, ત્યાં હવે મુસાફરો બ્લુ કે રેડ લાઈન ફોલો કરી પોતાની ટ્રેન પકડી શકશે.

# આંબેડકર ઓપન યુનિ.નો ફી વધારો દીકરીઓના શિક્ષણ માટે અવરોધરૂપ

**ભાજપના** રાજમાં દીકરીઓ શિક્ષણથી વંચિત રહેશે, કોંગ્રેસે ફી વધારાના નિર્ણયની ઝાટકણી કાઢી

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના જુદા જુદા અભ્યાસક્રમોમાં જંગી ફી વધારો કરવામાં આવ્યો છે. ભાજપના રાજમાં દીકરીઓ શિક્ષણથી વંચિત રહે તે રીતે ફીમાં જંગી વધારો કરાયો છે, તેવું પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડૉ. મનીષ દેશીએ જણાવ્યું હતું.

ડૉ.મનીષ દોષીએ આ ફી વધારા અંગે જણાવ્યું હતું કે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા જે ફી વધારો કરવામાં આવ્યો છે, તેનો કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે. કોંગ્રેસ શાસનમાં પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણમાં પીએચડી સુધી કન્યા કેળવણી મફત હતી, પરંતુ ભાજપના શાસનમાં દીકરીઓ શિક્ષણથી વંચિત રહે તે રીતે ફીમાં જંગી વધારો કરાયો છે. આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં જે ફી વધારો કરાયેલો છે, તેમાં બેચરલ ઓફ આર્ટસ 5000 (વાર્ષિક), બીએ ઓનર્સ (તમામ વિષય) 2500 (પ્રતિ સેમેસ્ટર), જર્નાલિઝમ અને બીકોમ બીએલઆઈએસ 65000, બેચરલ ઓફ એજ્યુકેશન 35,000 (સંપૂર્ણ ફી), સ્પેશ્યલ બીએડ 45000 (સંપૂર્ણ ફી), માસ્ટર ઓફ આર્ટસ તમામ વિષય 5000 (વાર્ષિક), એમએલઆઈએસ 9000 (કુલ ફી), એમ એસ ડબલ્યુ 5000 (પ્રતિ સેમેસ્ટર), એમ કોમ 5000 (વાર્ષિક), સર્ટિફિકેટ ચેન્જ ફી 100થી 500, ડુપ્લિકેટ માર્કશીટ અને ડિગ્રી તેમજ ટ્રાન્સક્રિપ્ટ 500થી 1000, ડોક્યુમેન્ટ્સ ઇ વેલ્યુએશન ફી 1500 સ્ટુડન્ટ ડેવલોપમેન્ટ ફી રૂ.300નો વધારો કરવામાં આવ્યો છે.

# સુરતના મહિલા નાયબ મામલતદારે ફાંસો ખાઈ લીધો

**ઓફિસે** નીકળતાં પહેલાં ઘર પર જ જિંદગી ટુંકાવી લીધી

**પતિ** પણ મહેસૂલ વિભાગમાં કાર્યરત



સુરત : સુરત શહેરના રાંદેર વિસ્તારમાં રહેતા અને ઓલપાડમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતાં હિનીષા પટેલ નામનાં મહિલા નાયબ મામલતદારે પોતાના ઘર પર ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લેતાં ચકચાર મચી છે. હિનીષા પટેલ અને તેમના પતિ પણ નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવે છે. આજે સવારે ઓફિસે નીકળવાના સમયે પતિ નીચે કાર લેવા ગયા હતા, પરંતુ નાયબ મામલતદાર પત્ની નીચે ઊતર્યાં ન હતાં. ઉપર જઈ ચેક કરતાં રૂમમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યાં હતા.

ઘટનાની જાણ થતાં હોસ્પિટલ પર મહેસૂલ વિભાગના કર્મચારીઓ ઊમટી પડ્યા હતા. મળતી માહિતી મુજબ મહિલા નાયબ મામલતદાર સામે થોડા સમય પહેલાં એક નનામી અરજી થઈ હતી, જોકે તેની તપાસમાં તેને ગાંધીનગરથી ક્લીનચિટ મળી ગઈ હોવાનું સામે આવ્યું છે. આત્મહત્યા પાછળનું કારણ અકબંધ હોઈ, પોલીસે હાલ વધુ તપાસ હાથ ધરી છે. ઓલપાડ કચેરીમાં ફરજ બજાવતાં નાયબ મામલતદાર હિનીષા પટેલે આજે સવારે રાંદેર વિસ્તારમાં આવેલા પોતાના ઘર પર દુપટ્ટાથી ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી છે. પતિ-પત્ની બંને એક જ કચેરીમાં ફરજ બજાવતાં હોઈ, આજે સવારે ઓફિસે નીકળતી સમયે પતિ કેતન પટેલ નીચે કાર લેવા ઊતર્યા હતા, પરંતુ પત્ની નીચે ન આવતાં કેતન પટેલે ઉપર જઈ ચેક કર્યું તો હિનીષા પોતાના બેડરુમમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યાં હતાં, જેને હોસ્પિટલ ખસેડતાં તબીબોએ મૃત જાહેર કર્યાં હતા.

## થોડા સમય પહેલાં થયેલી નનામી અરજીમાં ક્લિનચીટ મળી હતી

મૃતક અને તેમના પતિ બંને અગાઉ રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવતાં હતાં અને વર્ષ 2023માં જ બંનેએ પ્રમોશન મેળવી નાયબ મામલતદાર તરીકેનો હોદ્દો સંભાળ્યો હતો. મહેસૂલ વિભાગનાં સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, થોડા સમય પહેલાં હિનીષાબેન સામે જમીન મામલે એક નનામી અરજી કરવામાં આવી હતી, જોકે ગાંધીનગર ખાતે થયેલી તપાસમાં તેમને નિર્દોષ જાહેર કરી 'ક્લીનચીટ' આપી દેવામાં આવી હતી. તેમ છતાં શું આ બાબતનું કોઈ માનસિક દબાણ હતું કે અન્ય કોઈ કારણ, એ દિશામાં રહસ્ય ઘેરાયું છે.

# પડોશી મહિલાએ બાળકને લાફા મારી આંખ સોજાડી દીધી

**ડોરબેલ** વગાડવા જેવી નાની બાબતે બાળકને પટકીને ઢસડ્યો

**પડોશી** મહિલાએ ડોરબેલ વગાડનારા બાળકને લાફા ઝીંક્યા ,પટકી પટકીને માર્યો

**ગાલ** ઉપર ચાંભા પડી ગયા અને આંખ સોજી ગઈ, ઘટના સમયે હાજર અન્ય બાળકો ફફડી ઊઠ્યાં

સુરતઃ સુરતના સરથાણા વિસ્તારમાં માનવતાને શરમાવે તેવી એક ઘટના સામે આવી છે. પશુ સાથે પણ લોકો વ્યવહાર ન કરે તેવો વ્યવહાર એક મહિલા દ્વારા સાત વર્ષના માસૂમ સાથે કરાતા ચકચાર મચી છે. યોગીચોક વિસ્તારમાં

આવેલી એક સોસાયટીમાં માત્ર ડોરબેલ વગાડવા જેવી નજીવી બાબતે એક મહિલાએ સાત વર્ષના માસૂમ બાળક પર અત્યંત ક્રૂરતાપૂર્વક હુમલો કર્યો હતો. સોસાયટીના પાર્કીંગમાં બાળકને પટકીને જમીન પર ઢસડ્યો હતો.આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા બાદ મહિલા સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે મહિલાની અટકાયત કરતા પોતાની ભૂલ કબૂલી માફી માગી હતી.

મળતી માહિતી મુજબ, સુરતના સરથાણાના યોગીચોક વિસ્તારમાં આવેલી સિલિકોન રેસીડેન્સીમાં સુધીરભાઈ વઘાસિયા પરિવાર સાથે રહે છે. તેમનો સાત વર્ષનો પુત્ર સોસાયટીમાં રમી રહ્યો હતો. રમતા-રમતા બાળકોએ પડોશમાં રહેતા અપેક્ષાબેન નામની મહિલાના ઘરની ડોરબેલ વગાડી હતી. માત્ર આટલી વાતથી ઉશ્કેરાયેલી મહિલાએ પિત્તો ગુમાવ્યો હતો અને માસૂમ દેવાંશ પર તૂટી પડી હતી. મહિલાએ બાળકને પકડીને જમીન પર પટક્યો હતો અને ત્યારબાદ તેને નિર્દયતાથી ઢસડ્યો હતો. આ હુમલામાં માસૂમ બાળકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી છે. બાળકને જમીન પર ઢસડવાને કારણે તેના પગમાં ગંભીર ઈજાઓ થઈ છે. માર મારવાને કારણે બાળકનો જમણો પગ સોજી ગયો છે. બાળકના પેટના ભાગે પણ ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે. સુધીરભાઈ વઘાસિયાએ જણાવ્યું હતું કે, સિલિકોન રેસીડેન્સીમાં રહું છું. મારા છોકરાને 9 તારીખે સાંજે 9 થી 10 ના ગાળામાં ઢોર માર મારવામાં આવ્યો છે. તો મને ખ્યાલ નહોતો, 10 વાગે હું નીચે ઉતર્યો, કલાક પછી મને ખબર પડી. ત્યાં મને બાળકોએ કીધું કે તમારા છોકરાને માર્યો છે. મેં જોયું કે તેના ગાલ ઉપર ચાંભા પડી ગયા છે, આંખ સોજી ગઈ છે. એટલા માટે સીસીટીવી ફૂટેજ ચેક કરવા માટે મારા સી-3 બિલ્ડીંગના પ્રમુખને મેં જાણ કરી કે મારા છોકરાને માર માર્યો છે, મારે સીસીટીવી કેમેરા જોવા છે.

સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં મહિલાની આ હેવાનિયત સ્પષ્ટપણે કેદ થઈ છે. ફૂટેજમાં જોઈ શકાય છે કે મહિલા કઈ રીતે બાળકને પકડીને પછાડે છે અને ખેંચીને લઈ જાય છે. આ વીડિયો વાયરલ થતા લોકોમાં મહિલા સામે કડક પગલાં લેવાની માંગ ઉઠી છે.

## પરિવારની ન્યાય માટે માંગ

બાળકના પિતા સુધીરભાઈ વઘાસિયાએ આ મામલે તુરંત સરથાણા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો છે અને મહિલા વિરુદ્ધ લેખિત ફરિયાદ આપી છે. પરિવારના સભ્યોની એક જ માંગ છે કે, એક માસૂમ બાળક સાથે આવું અમાનવીય વર્તન કરનાર અપેક્ષાબેન સામે પોલીસ કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી કરે જેથી ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ બાળક પર હાથ ઉપાડતા પહેલા સો વાર વિચારે.



# નારગોલની શાળામાં ચાલુ ક્લાસે શિક્ષક ખુરશી પર બેસીને ઊંઘતા ઝડપાયો!

**આવી** હરકતોથી ગુજરાતની શાળાઓની છબી ખરાબ થઈ રહી હોવાથી કાર્યવાહીની માંગ સાથે શિક્ષણ અધિકારીને માજી સરપંચની રજૂઆત

ઉમરગામ : નારગોલ નવા તળાવ પ્રાથમિક શાળામાં બાળકોની હાજરીમાં એક શિક્ષક ક્લાસરૂમમાં આરામથી ઊંઘી નસકોરાં લેતો જોવા મળતા માજી સરપંચ યતિનભાઈ ભંડારીએ આ બાબતને ખૂબ જ શરમ જનક ગણાવી પગલાં લેવા શિક્ષણ અધિકારીને રજૂઆત કરી છે.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના નારગોલ ગ્રામ પંચાયતના માજી સરપંચ યતિનભાઈ ભંડારી અચાનક જ નારગોલ નવા તળાવ પ્રાથમિક શાળામાં પહોંચ્યા હતા ત્યારે જોયું તો શાળાના ક્લાસમાં એક શિક્ષક યાજ્ઞિકભાઈ ટંડેલ વર્ગમાં બાળકોની હાજરીમાં ટેબલ પર માથું મૂકી ખુરશી ઉપર બેસી ઊંઘતા જોવા મળ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓને ભણાવવાના બદલે આ શિક્ષક આરામથી ઊંઘી રહ્યો હોય કેમેરામાં રેકોર્ડ કરી લેવામાં આવ્યો હતો અને ઉઠાડીને પૂછતા શિક્ષકે કહ્યું હતું કે તેનો ઉજાગરો હોય બાળકોને લેસન આપીને તે ઊંઘી ગયો હતો. એમ જણાવ્યુ હતુ. એટલું જ નહીં શાળામાં મુખ્ય શિક્ષિકા પણ હાજર જોવા મળ્યા ન હતા. તે પણ કોઈ કામથી બહાર હતા. આ સમગ્ર બાબતને ખૂબ જ ગંભીર ગણાવી આવી હરકતોથી ગુજરાતમાં સરકારી ગુજરાતી શાળાઓની છબી ખરાબ થઈ રહી હોવાનું જણાવી પ્રાથમિક શિક્ષણ અધિકારીને આ બાબતે માજી સરપંચ યતિનભાઈ ભંડારીએ રજૂઆત કરી પગલા ભરવાની માંગ કરી છે.

## સુડોકુ ૬૨૪૭ - 'ક્રૂપ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | | | ૯ | | |
| | | | | | | ૪ | ૩ | |
| | ૧ | ૯ | ૮ | ૫ | ૩ | | | |
| | ૯ | | | | | | | |
| ૮ | | ૨ | ૭ | ૯ | | ૧ | ૫ | |
| | ૩ | | ૬ | | ૨ | ૭ | ૪ | |
| | | ૮ | ૨ | ૬ | | ૫ | | ૪ |
| | ૫ | ૧ | | | | | | ૬ |
| | ૪ | | ૫ | | | ૩ | ૯ | ૮ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### આંચકી આવવી

ચેતા તંત્રની તકલીફ છે. નગોડનું મૂળ અને વંદો (loranthus) ની ગાંઠ ઘસી તેનું નસ્ય આપવું. યોગરાજ ગૂગળ, લસણ, તલ તેલ ઉપયોગમા લેવા.

# કાંકરિયામાં કચરા નિકાલનો મામલો સીએમ સુધી પહોંચ્યો

**SMCની** બેદરકારીથી પર્યાવરણને ગંભીર નુકસાન : કોંગ્રેસ

**જવાબદાર** અધિકારીઓ સામે ફોજદારી કાર્યવાહી અને ઉચ્ચસ્તરીય તપાસની માંગ



સુરતઃ સુરત જિલ્લાના અંબિકા તાલુકાના કાંકરિયા ગામે લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર ઘન કચરા નિકાલ મામલે સુરત મહાનગર પાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. આ મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને વિસ્તૃત રજૂઆત કરી, કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ સુરત મહાનગર પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા કાંકરિયા ગામ ખાતે મોટા પ્રમાણમાં ગેરકાયદેસર રીતે ઘન કચરો ઠાલવવામાં આવ્યો હતો. તપાસ બાદ સંબંધિત કોન્ટ્રાક્ટર સામે રૂ. ૨.૫ કરોડનો દંડ લાદવામાં આવ્યો હોવા છતાં, SMCના જવાબદાર અધિકારીઓ સામે આજદિન સુધી કોઈ વિભાગીય કે ફોજદારી કાર્યવાહી કરવામાં આવી નથી. કોંગ્રેસના મહામંત્રીએ આક્ષેપ કર્યો છે કે સુરત મહાનગર પાલિકાના સોલિડ વેસ્ટ વિભાગના જવાબદાર એક્ઝિક્યુટિવ ઇજનેર સહિતના અધિકારીઓ સામે માત્ર કારણદર્શક નોટિસ આપી દેવામાં આવી છે, પરંતુ તેમની સામે કાયદેસર તપાસ શરૂ કરાઈ નથી. આ કેસ હવે માત્ર કાયદાકીય ઉલ્લંઘન નહીં પરંતુ વારંવાર થતી પર્યાવરણીય ગુનાખોરી (Repeated Environmental Offending) નું ગંભીર ઉદાહરણ બની ગયો છે. રજૂઆતમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે સુરત શહેર સ્વચ્છતા એવોર્ડ અને "ક્લીન સિટી મોડલ"તરીકે ઓળખાય છે, પરંતુ શહેરની સ્વચ્છતા જાળવવા માટે આસપાસના ગ્રામ્ય વિસ્તારોની જમીન, પાણી અને આરોગ્યને જોખમમાં મુકવામાં આવી રહ્યું છે. શહેરનો કચરો ગામડાંમાં ગેરકાયદેસર રીતે ઠાલવવો એ સ્વચ્છતા નહીં પરંતુ પર્યાવરણીય અન્યાય છે. કોંગ્રેસે ચેતવણી આપી છે કે જો આ મામલે તાત્કાલિક અને કડક કાર્યવાહી નહીં થાય તો મામલો માનનીય હાઇકોર્ટ, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) તથા અન્ય સંવૈધાનિક સત્તાઓ સમક્ષ રજૂ કરવામાં આવશે. આ મુદ્દો માત્ર પર્યાવરણનો નહીં પરંતુ ગ્રામ્ય આરોગ્ય, જાહેર નાણાંની ગેરરીતિ અને રાજ્યની પ્રતિષ્ઠા સાથે જોડાયેલો હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે.

## કચરા પ્રોસેસ અને કરોડોના બિલ ચૂકવણી અંગે ગંભીર પ્રશ્ન

કોંગ્રેસ દ્વારા ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે કે જો રેકોર્ડ મુજબ માત્ર ૫૦ ટકા કચરાની જ પ્રોસેસ થઇ હોય, તો બાકી ૫૦ ટકા કચરાનું શું થયું? અપૂર્ણ પ્રોસેસ હોવા છતાં કોન્ટ્રાક્ટરને બિલો કેવી રીતે મંજૂર થયા? કેટલા રૂપિયાની ખોટી ચુકવણી કરવામાં આવી અને તેની રિકવરી કોણ કરશે? તેમજ સ્થળ પર આશરે ૧૦ લાખ ટન જેટલો કચરાનો ડુંગર કેવી રીતે ઉભો થયો તે બાબતની તટસ્થ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

## એજન્સી સી.ડી. ટ્રાન્સપોર્ટ સામે FIR દાખલ કરવા માંગ

રજૂઆતમાં માંગ કરવામાં આવી છે કે કચરા નિકાલ એજન્સી સી.ડી. ટ્રાન્સપોર્ટ સામે Environment (Protection) Act, 1986 હેઠળ તાત્કાલિક FIR દાખલ કરવામાં આવે. સાથે જ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે જવાબદાર અધિકારીઓ સામે ફોજદારી તેમજ વિભાગીય કાર્યવાહી શરૂ કરવામાં આવે. સુરત મ્યુનિસિપલ કમિશનરની ભૂમિકા અંગે સ્વતંત્ર અને ઉચ્ચ સ્તરીય તપાસ કરવાની પણ માગ ઉઠાવવામાં આવી છે.

## ૨૨ વર્ષીય બ્રેઇનડેડ મુસ્લીમ યુવતીના અંગદાનથી ૭ અંગોનું દાન મળ્યું

સુરત : અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ગુપ્ત દાન સ્વરૂપે અત્યાર સુધીમાં ૨૨૫ અંગદાન પ્રાપ્ત થયા છે. સિવિલના ICUમાં દાખલ પરપ્રાંતીય ૨૨ વર્ષીય બ્રેઇનડેડ મુસ્લીમ યુવતી સારવાર દરમિયાન બ્રેઈનડેડ થતા તેમના અંગદાન થી ૭ અંગોનું દાન મળ્યુ મળ્યું હતું.

આ સાથે યુ એન મેહતા હોસ્પિટલમાં દાખલ ૬૪ વર્ષીય દર્દી મ્રુત્યુ પામતા સિવિલ હોસ્પિટલ આ મૃત દર્દીની ચામડી તેમજ આંખોનુ દાન મળ્યુ હતુ.

અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં સુપ્રિટેન્ડન્ટ ડો. રાકેશ જોષીએ જણાવ્યુ હતું કે, સિવિલ હોસ્પિટલ ખાતે આજદિન સુધીમાં કુલ ૨૨૫ અંગદાતા થકી કુલ ૭૪૬ અંગોનું દાન મળ્યું છે. આમ જોઇ એ તો ૧૬૮ ચક્ષુ તેમજ ૩૨ ચામડી મળી કુલ ૨૦૦ પેશી ઓ સાથે કુલ ૯૪૬ અંગો તેમજ પેશીઓ નુ દાન સિવિલ હોસ્પિટલ દ્વારા આજદીન સુધી મેળવવામાં આવ્યુ છે.

આ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યારસુધી ૧૯૯ લીવર, ૪૧૪ કીડની, ૧૮ સ્વાદુપિંડ, ૭૩ હૃદય, ૬ હાથ, ૩૪ ફેફસાં, ૨ નાનાં આંતરડાં, ૧૬૮ ચક્ષુ તથા ૩૨ ચામડીનું દાન મળ્યુ છે.

## શબ્દગુંફન - ૭૧૪૪

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. બગીચો (૫)
૪. આકાશ (૪)
૬. ચંદ્ર (૩)
૭. અધીરાઇનું આકળાપણું (૪)
૯. મિજાજ, આવેશ (૨)
૧૧. ચીસ, બૂમ (૨)
૧૨. ઝેર (૨)
૧૩. જમીન ખેડવાનું ઓજાર (૨)
૧૪. ન ખાવુ તે, ઉપવાસ (૪)
૧૫. વેર, અદેખાઇ (૨)
૧૬. એક હિસક પશુ (૨)
૧૭. મુખ, ચહેરો (૩)
૨૦. હેરાનગતિ (૪)
૨૩. રાક્ષસ, અસુર (૨)
૨૪. રાજ્ય (૨)
૨૬. ફળ કે ઝાડનાં થડનો ગર્ભ (૨)
૨૭. દિલ (૨)
૨૮. સમારકામ (૪)
૩૦. શરીર (૨)
૩૧.ઝેર (૨)
૩૨. દુશ્મન (૨)
૩૩. બીજું (૨)

**ઊભી ચાવી**

૧. મજુર (૨)
૨. કટોકટીનો સમય (૩)
૩. વિનાનું, વગરનું (૩)
૪. શંકર (૪)
૫. મર્યાદા (૨)
૭. કૃષ્ણપક્ષનું (૨)
૮. પવિત્ર, શુધ્ધ કરનારું (૩)
૧૦. પાણી (૨)
૧૧. સમજણ (૨)
૧૨. વિનંતી (૪)
૧૩. પ્રત્યેક, દરેક (૨)
૧૪. દેખાવ કે આકાર વિનાનું (૩)
૧૫. કુળવાન (૪)
૧૮. નવ લાખનું (૪)
૧૯. કારીગરી (૪)
૨૧. દુનિયા (૩)
૨૨. પતિ (૨)
૨૫. થોડું, સહેજ (૨)
૨૭. માનવકુળના ઉત્પાદક એવા આદિમાનવ (૨)
૨૯. અક્કલ (૨)
૩૦. હોડી (૨)
૩૧. જંગલનું (૨)



## આજનું પંચાંગ

**તા. 13/01/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પૌષ
**તિથિઃ** વદ, દસમ: 15:18
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ: 23
**યોગ :** શૂલ **કરણઃ** બવ
**નક્ષત્ર :** વિશાખા: 24:07
**રાશિઃ** તુલા (ર,ત) 17:22 પછી વૃશ્ચિક (ન.ય.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 07:20 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:15
**નવકારસી :** 08:08
**પારસી વર્ષ :** 1395, શેહરેવર માસનો 02જો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 રજ્જબ માસનો 23મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે:- 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** પરિવારમાં તાલમેળના કારણે પારિવારિક ધંધામાં પ્રગતિ થાય. રોજની આવક વધે. શુભ સમાચાર મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** લેવડ-દેવડમાં સાવધાની રાખવી. આરોગ્યની ચિંતા સતાવે. માતાનો સાથ મળે. કામમાં મદદ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** મોજ-શોખના ધંધામાં પ્રગતિ થાય. મિત્રો સાથે સામાજિક કામ થાય. શેર બજારમા ધીરજ રાખવી.

**કર્ક (ડ,હ,):** સમાજમાં માન મળે. નવા લોકોને મળવાનું થાય. સરકારી કામમાં મદદ મળે. આવક વધશે.

**સિંહ (મ,ટ,):** આત્મ વિશ્વાસ વધશે. નોકરીમાં પ્રમોશન થાય. દાંપત્ય જીવન આનંદમય રહે. પ્રવાસ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** ખાણી-પીણી માર્કેટીંગ મોજ-શોખ અને દલાલીના ધંધામાં આવક વધે. શુભ સમાચાર મળે.

**તુલા (ર,ત,):** હકારાત્મક વ્યવહાર અને ક્રિએટીવ વિચારથી અચાનક સફળતા મળે. નવા લોકોને મળવાનું થાય.

**વૃશ્ચિક (ન,ય,):** વિદેશ પ્રવાસ, ધાર્મિક યાત્રા સમાજ સેવા અને હોસ્પિટલને લગતા કામમાં પ્રગતિ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. અચાનક આવક વધી શકે.

**મકર (ખ,જ,):** નોકરીમાં જવાબદારી સાથે પ્રમોશન મળે. આરોગ્યના કામમાં પરિવારની મદદથી ઉત્સાહ રહે.

**કુંભ (ખ.જ.):** જીવન સાથીના કામમાં મદદરૂપ બનશો. નવા ધંધા-વેપારની યોજના બને. આવક વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** આંખ, પેટ, પાચનતંત્રની સમસ્યા થઇ શકે છે. સરકારી કામમાં પ્રગતિ થાય. ખર્ચા વધશે.

## કોઈ પણ સાલમાં 13 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહે. આરોગ્ય નરમ ગરમ અને આર્થિક બાબતે ચડતી-પડતીના કારણે માનસિક અશાંતિ રહે. નોકરી-ધંધામાં હરીફોથી સાવધાન રહેવું. નવી નોકરીની યોજના પાર પડે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. ઉંમર લાયકના વિવાહ થાય. સંતાનોના કામમાં મદદ મળે. વિદેશના કામમાં મદદ મળે. વિદ્યાર્થીઓને તક મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ધીમા પડે. સમાજમાં તાલમેળ રાખવો પડશે. નવી નોકરી કે ધંધામા મિત્રો મદદરૂપ બનશે. વર્ષ દરમિયાન જૂન-જુલાઇમાં રવિ-સોમ-બુધ 04 13, 22, 31 તારીખ અનુકૂળ રહેશે. નવેમ્બર-ડિસેમ્બર માસ, શનિ શુક્રવાર 7, 16, 25 તારીખ ટાળવી. સફેદ રંગનો ઉપયોગ પણ ટાળવો. ઓછો ભૂરો રંગ વાપરી શકાય. વર્ષ દરમિયાન મિશ્ર અનુભવ થાય. છતાં સંતોષ રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. શેરબજારમા સાવધાની રાખવી.